# નવીનીકરણ પામેલ ઈન્દ્રોડા પ્રાથમિક શાળા સંકુલથી સૌ કોઈ પ્રભાવિત

## આજે જ્યાં પ્રવેશોત્સવ ઉજવાયો તે શાળાનું ''સાયબેઝ આશા'' અંતર્ગત નવીનીકરણ કરાયું છે : એક જ સંકુલમાં ત્રણ શાળાઓ કાર્યરત છે : તાજેતરમાં પૂર્ણતાને આરે પંહોચેલા શાળા સંકુલમાં રિનોવેશન કાર્યની તસવીરોને ખોટી રીતે રજુ કરીને હિતશત્રુઓ દ્વારા શાળાને બદનામ કરવા પ્રયાસ કરાયો હોવાનો આચાર્યોનો દાવો

ગાંધીનગર, તા. ૨૪

આજે ગાંધીનગરના ઈન્દ્રોડા ખાતે સરકારી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો અત્રે ઉલ્લેખનીય છે કે આ શાળા સંકુલમાં એક સાથે કુલ ત્રણ શાળાઓ કાર્યરત છે જેમાં ગુજરાતી માધ્યમની ઈન્દ્રોડા સરકારી પ્રાથમિક શાળા નં.૧ અને શાળા નં.૨ ઉપરાંત અંગ્રેજી માધ્યમની શાળાનો પણ સમાવેશ થાય છે. સમગ્ર શાળા સંકુલનું સાયબેઝ કંપનીના સીએસઆર કાર્યક્રમ ''સાયબેઝ આશા'' અંતર્ગત સુંદર રિનોવેશન કરાયું છે અને તેમાં હજું મેદાનમાં ફેન્સિંગ સહિતનું કાર્ય પ્રગતિમાં હતું પરંતુ કેટલાંક હિતશત્રુઓ દ્વારા શાળા સંકુલમાં ચાલી રહેલા કાર્યની તસવીરોને ખોટી રીતે રજુ કરીને શાળાને બદનામ કરવા પ્રયાસ કરાયો હોવાનું ગુજરાતી માધ્યમની બંને શાળાના આચાર્યો તેમજ અંગ્રેજી માધ્યમની શાળાના ઈન્ચાર્જ સહિત સાયબેઝ કંપનીના પ્રતિનિધિએ જણાવતાં માધ્યમોમાં પ્રકાશિત થયેલાં પાયાવિહોણા આક્ષેપોનું ખંડન કર્યુ હતું.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબ્લિટી એટલેકે સીએસઆર અંતર્ગત સિટી એરિયાની વહીવટ કચેરી દ્વારા સાયબેઝ કંપનીના સીએસઆર કાર્યક્રમ ''સાયબેઝ આશા''ને સીએસઆર ફંડમાંથી શહેરની પાંચ સરકારી શાળાઓને રિનોવેટ કરવાની મંજુરી આપવામાં આવી છે. આ અંતર્ગત અગાઉ ''સાયબેઝ આશા''માં સે.૨૪ની શાળા નં.૧ અને શાળા નં.૨ નું રિનોવેશન કાર્ય પ્રસંશનીય રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે અને ઈન્દ્રોડા સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં પણ ત્રણેય શાળાઓના સહિયારા સંકુલનું છેલ્લાં છ એક માસની જહેમતને અંતે રિનોવેશન કાર્ય કરવામાં આવ્યું છે જે લગભગ પૂર્ણતાને આરે છે.

આ રિનોવેશન કાર્યમાં શાળા સંકુલના મકાનને રંગરોગાન કરીને તેને વર્ગખંડોને બાળકોને ઉપયોગી બને તેવી શૈક્ષણિક માહિતી તેમજ ચિત્રો, પલાખાં, મહત્વની માહિતી સહિતના લખાણ, બાળકોને બેસવાની પાટલીઓ, ડેસ્ક, ઈલેક્ટ્રિકલ કેબલિંગ, લાઈટ-પંખા સહિતના ઉપકરણોનું નવિનીકરણ, સ્માર્ટ ક્લાસરૂમનો વિકાસ, શૌચાલયનું નવીનીકરણ, પાણી, બાગ-બગીચા અને મેદાનનું રિનોવેશન જેવી કામગીરીનો સમાવેશ થાય છે. ઈન્દ્રોડા સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં આ રિનોવેશન કાર્ય દરમ્યાન શાળાની સાધનસામગ્રીને નુકસાન ના થાય તે હેતુથી વર્ગખંડમાં નહીં પરંતુ અન્ય બિનઉપયોગી જગ્યાએ એકતરફ સ્ટોરેજ કરવામાં આવી હતી તેમજ વેકેશન દરમ્યાન શાળા સંકુલમાં જમા થયેલો વૃક્ષોના પાંદડા સહિતનો કચરો વાળીને સંકુલની સાફ-સફાઈ કરીને મેદાનના એક ખૂણામાં બાળકોને પર્યાવરણ જાળવણીનું મહત્વ ખબર પડે તે રીતે ડિ-કંપોસ્ટ કરવાના હેતુથી મેદાનના એક ખૂણામાં એકત્ર કરાયો હતો તેની તસવીરોને હિતશત્રુઓ દ્વારા માધ્યમો સમક્ષ ખોટી રીતે રજુ કરીને શાળાને બદનામ કરવા પ્રયાસ કરાયો હોવાનું બંને આચાર્યો રાકેશભાઈ પટેલ અને મંજુલાબેન પરમારે જણાવ્યું હતું.

શાળામાં ઈલેક્ટ્રિકથી ચાલતાં વોટરકુલરથી બાળકોને વીજ કરંટ લાગીને કોઈ દુર્ઘટના ના સર્જાય તે હેતુંથી વોટરકુલર પાસેના પીવાના પાણીના નળની લાઈન બંધ કરીને તેને એક્સટેન્ડ કરીને બહારની તરફ બાળકો માટે સુરક્ષિત જગ્યાએ નવા નળ લગાવાયાં છે પરંતુ જે લાઈન બંધ કરીને તેની તસવીરોને પણ ખોટી રીતે રજુ કરાઈ છે તેવો આચાર્યોનો દાવો છે. હાલ શાળા સંકુલમાં તમામ વર્ગખંડોનું અને બાળકો માટેના શૌચાલયનું સુંદર નવીનીકરણ કરાયું છે અને સમગ્ર સંકુલને એક આદર્શ પ્રાથમિક શાળાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.





''અમારી કંપનીના સીએસઆર કાર્યક્રમ ''સાયબેઝ આશા''ને સીએસઆર ફંડમાંથી શહેરની પાંચ સરકારી શાળાઓને રિનોવેટ કરવાની મંજુરી આપવામાં આવી છે. આ અંતર્ગત અમે અગાઉ ''સાયબેઝ આશા''માં સે.૨૪ની શાળા નં.૧ અને શાળા નં.૨નું રિનોવેશન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ છે. ઈન્દ્રોડા સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં છેલ્લાં છએક માસની જહેમતને અંતે રિનોવેશન કાર્ય કરવામાં આવ્યું છે જે લગભગ પૂર્ણતાને આરે છે.''

**- હિમાંશુ મકવાણા**
**સાયબેઝ સીએસઆર પ્રતિનિધિ**

''અમારી ઈન્દ્રોડા પ્રાથમિક શાળાનં.૧ને બદનામ કરતાં જે અહેવાલો પ્રકાશિત થયાં છે તે પાયાવિહોણા છે. શાળામાં ઈલેક્ટ્રિકથી ચાલતાં વોટરકુલરથી બાળકોને વીજ કરંટ લાગીને કોઈ દુર્ઘટના ના સર્જાય તે હેતુથી વોટરકુલર રૂમમાં પીવાના પાણીના નળની લાઈન બંધ કરીને તેને એક્સટેન્ડ કરીને બહારની તરફ બાળકો માટે સુરક્ષિત જગ્યાએ નવા નળ લગાવાયાં છે જેથી શાળામાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા હોવા છતાં પરંતુ જે લાઈન બંધ હતી તેની તસવીરોને પણ ખોટી રીતે રજુ કરાઈ છે. આ ઉપરાંત એક પણ વર્ગખંડને સ્ટોરરૂમ બનાવાયો નથી પરંતુ બહારની વધારાની બિનઉપયોગી જગ્યામાં રિનોવેશન દરમ્યાન ખરાબ ના થાય તે માટે મુકવામાં આવેલાં વધારાના સાધનોની તસવીરને પણ ખોટી રીતે રજુ કરાઈ છે.''

**- રાકેશભાઈ પટેલ**
**આચાર્ય, ઇન્દ્રોડા પ્રાથમિક શાળાનં.૧ અને ઇન્ચાર્જ, ઇંગ્લિશ મિડીયમ શાળા**

''વેકેશન દરમ્યાન શાળા સંકુલમાં જમા થયેલો વૃક્ષોના પાંદડા સહિતનો કચરો વાળીને સંકુલની સાફ-સફાઈ કરીને મેદાનના એક ખૂણામાં બાળકોને પર્યાવરણ જાળવણીનું મહત્વ ખબર પડે તે રીતે ડિ-કંપોસ્ટ કરવાના હેતુથી મેદાનના એક ખૂણામાં એકત્ર કરાયો હતો તેની તસવીરોને હિતશત્રુઓ દ્વારા માધ્યમો સમક્ષ ખોટી રીતે રજુ કરીને શાળાને બદનામ કરવા પ્રયાસ કરાયો છે. શાળાને ''સાયબેઝ આશા'' દ્વારા સારી રીતે રિનોવેટ કરાઈ છે.''

**- મંજુલાબેન પરમાર**
**આચાર્ય, ઇન્દ્રોડા પ્રાથમિક શાળાનં.૨**

# ગ્રામભારતી પુનિત ધામ ખાતે ૧૭ વર્ષીય મુમુક્ષુકુમારી હનીએ દિક્ષા ગ્રહણ કરી

## સાત વર્ષ અગાઉ તેમના મોટા બહેને પણ ૧૫ વર્ષની વયે દિક્ષા લીધી હતી : કુ. હની મૂળ પ્રાંતિજના અને ભાયંદર ખાતે જૈન સંગીતકાર તરીકે સુપ્રસિદ્ધ રાકેશકુમાર જૈનના સુપુત્રી : દિક્ષા બાદ રીમકારપ્રિયા સાધ્વીજી બન્યાં

ગાંધીનગર, તા. ૨૪

ભારતીય સંસ્કૃતિના જૈન સંપ્રદાયમાં સંયમ અને ત્યાગનું અનેરું મહત્ત્વ છે. ગાંધીનગરના પેથાપુર મહુડી રોડ પર ગ્રામભારતીના શ્રી પુનિતધામ જૈન તિર્થ ખાતે તા. ૨૨મી જુન ગુરુવારે મૂળ સાબરકાંઠાના પ્રાંતિજના વતની અને હાલ મુંબઈના ભાયંદર ખાતેથી જૈન સંગીતકાર તરીકે સુપ્રસિદ્ધ રાકેશકુમાર જશુભાઈ શાહના ૧૭ વર્ષીય સુપુત્રી મુમુક્ષુકુમારી હનીએ દીક્ષા લઈને સંસાર ત્યાગી સંયમનો માર્ગે પ્રયાણ કર્યુ છે. મુમુક્ષુ કુમારી હનીને ગચ્છાધિપતિ આચાર્ય પૂ. દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન આચાર્ય પૂ. નરદેવસાગર સૂરીશ્વરજી મહારાજાએ દીક્ષા પ્રદાન કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મુમુક્ષુ કુમારીના મોટાબહેન ઋચિ પણ આશરે ૭ વર્ષ અગાઉ માતાજી રત્નપ્રિયા સાધ્વીજી તરીકે દિક્ષા લઈ ચુક્યાં છે અને મુમુક્ષુ કુમારી હનીનું દિક્ષા બાદ માતાજી રીમકારપ્રિયા સાધ્વીજી તરીકે નામકરણ કરવામાં આવ્યું છે અને તેઓને પણ માતાજી રત્નપ્રિયા સાધ્વીજી સાથે એજ સંઘમાં સ્થાન પ્રાપ્ત થયું છે.




સાબરકાંઠાના પ્રાંતિજમાં જૈન સંગીતકાર તરીકે જાણીતા સ્વ.જશુભાઈ શાહ અને સુશીલાબેનના નાના દિકરા રાકેશકુમાર પણ મુંબઈના ભાયંદર ખાતેથી જૈન સંગીતકાર તરીકે સુપ્રસિદ્ધ છે. રાકેશકુમાર અને તેમના ધર્મપત્ની જિનાલીબેનના બે દિકરી અને એક દિકરો એમ ત્રણ સંતાનો પૈકી મોટી દિકરી ઋચિએ સાતેક વર્ષ પહેલાં માત્ર ૧૫ વર્ષની વયે ચાંદખેડા ખાતે દીક્ષા લીધી હતી. આ પછી હવે તેમની નાની દિકરી કુ. હનીએ પણ સંયમનો માર્ગ પસંદ કરી દીક્ષા માર્ગે પ્રયાણ કર્યુ છે. મુમુક્ષુ કુમારી હનીનો ત્રિદિવસીય દીક્ષા મહોત્સવ ''અભય-પ્રસન્ન પ્રવજ્યા પર્વ'' તરીકે ગાંધીનગરના ગ્રામભારતી ખાતે પુનિતધામ જૈન તીર્થમાં ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો જેમાં પ્રથમ દિવસ તા. ૨૧મી જુન મંગળવારે સવારે દીક્ષા દાતાર ગુરુદેવના પ્રવેશ સામૈયું યોજાયા બાદ શ્રી લઘુ શાંતિસ્નાત્ર મહાપૂજન યોજાયું હતું. આ દિવસે બપોરે કપડા રંગવાનો કાર્યક્રમ યોજાયો અને ત્યારબાદ સાંજે સંધ્યાભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બીજા દિવસે તા.૨૨મી જુન બુધવારે સવારે મુમુક્ષુ કુમારી હનીની વર્ષીદાનની શોભાયાત્રા નીકળી હતી ત્યારબાદ બેઠું વર્ષીદાન તેમજ કુ.હનીનું અંતિમ વાયણું યોજાયું અને સાંજે ૭ કલાકે કુ. હનીનો વિદાય સમારંભ યોજાયો હતો. મુમુક્ષુ કુમારી હનીના ''અભય-પ્રસન્ન પ્રવજ્યા પર્વ''ના ત્રિદિવસીય મહોત્સવના અંતિમ દિવસે તા.૨૩મી જુન ગુરુવારે સવારે ૬.૪૫ કલાકે મુમુક્ષુનો મંડપ પ્રવેશ થયાં બાદ શુભ મુહૂર્તે પ્રવજ્યા વિધિ પ્રારંભ થયો હતો. દીક્ષા પ્રદાન બાદ આચાર્ય પૂ.નરદેવસાગર સૂરીશ્વરજી મહારાજાએ મુમુક્ષુ કુમારી હનીને માતાજી રીમકારપ્રિયા સાધ્વીજીનું નામાભિધાન કર્યુ હતું. આ પ્રસંગે આચાર્ય પૂ.બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજા, આચાર્ય પૂ. વિજય રામસૂરિશ્વરજી મહારાજા, આચાર્ય પૂ. પ્રસન્ન કીર્તિસાગર સૂરીશ્વરજી મહારાજા, આચાર્ય પૂ. વિજય અભયદેવ સુરીશ્વરજી મહારાજ સહીત મોટી સંખ્યામાં આચાર્ય ભગવંતો ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં નવ્ય કૃપાવર્ષા આચાર્ય પૂ. દૌલતસાગર સૂરીશ્વરજી મહારાજા અને સૂરીમંત્ર આરાધના આચાર્ય પૂ. વિજય સુરીશ્વરજી મ.સા. અને આચાર્યદેવેશ પૂ. વિમલસાગર સુરિશ્વરજી મહારાજાએ કરી હતી. દિક્ષા મહિત્સવમાં મોટીસંખ્યામાં મુમુક્ષુ કુમારી હનીના માતા-પિતા સહિત સગાસંબંધીઓ અને મિત્રો-સ્નેહીજનો સહિત જૈન શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# કામધેનુ યુનિવર્સિટીનો આઠમો પદવીદાન સમારોહ યોજાયો

## કામધેનુ યુનિવર્સિટીના આઠમા દીક્ષાંત સમારોહમાં પદવીધારક યુવાનોને શુભકામના પાઠવતા રાજ્યપાલશ્રી




ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે કામધેનું યુનિવર્સિટીના આઠમાં દીક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનારા તેમજ સુવર્ણચંદ્રક મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું હતુ કે યુવા પદવી ધારકો પોતાના કાર્યક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપિત કરીને, રાષ્ટ્રના વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપે.

રાજ્યપાલશ્રીએ તૈતરીય ઉપનિષદમાં ઋષિ દ્વારા દર્શાવવામાં આવેલા આશીર્વચનોનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે પદવીધારકો સત્યના માર્ગ પર કર્તવ્યધર્મનું પાલન કરી જ્ઞાનની સાધના દ્વારા સ્વયંને સતત જ્ઞાનવાન બનાવી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપે. તેમણે જણાવ્યું હતું કે આજ સૌ કોઈ અધિકારોની વાત કરે છે પરંતુ પોતાના કર્તવ્યપાલન પ્રત્યે જાગૃત નથી બનતા.

રાજ્યપાલશ્રીએ આ અવસરે પશુપાલનના વ્યવસાયની મહત્તા સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે પશુપાલન વિના કૃષિની કલ્પના શક્ય નથી તેમણે પશુપાલન અને કૃષિને એકબીજાના પૂરક વ્યવસાય ગણાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે દૂધના ઉત્પાદન ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા પશુઓની નસલ સુધારણા કરવી અતિ આવશ્યક છે ત્યારે કામધેનુ યુનિવર્સિટીમાંથી પદવી પ્રાપ્ત કરનારા યુવાનો આ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે. રાજયપાલશ્રીએ ગુરુકુળ કુરુક્ષેત્રની ગૌશાળામાં પશુધનની નસલ સુધારણા માટે જે કાર્ય કર્યુ તેના અનુભવો પ્રસ્તુત કર્યા હતા અને ભારતીય નસલની દેશી ગાયની ઉન્નત નસલના નિર્માણ માટે કાર્ય કરવા યુવાનોને આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઉન્નત પશુધન દ્વારા પશુપાલકો રાષ્ટ્રના વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે. આ તકે રાજ્યપાલશ્રીએ દૂધની ગુણવતા ચકાસવા માટે નેનો ટેક્નોલોજી આધારિત પરીક્ષણ કીટ તૈયાર કરવા બદલ કામધેનું યુનિવર્સિટી અને સંશોધકોને અભિનંદન પણ પાઠવ્યા હતા. સ્વાગત પ્રવચન કરતા કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાએ કહ્યું કે કામધેનુ યુનિવર્સિટી એ ગુજરાતની એકમાત્ર વેટરનરી, ડેરી અને ફિશરીઝ સાયન્સની યુનિવર્સિટી છે જે વિદ્યાર્થીઓ અને પશુ માલિકો, માછીમારો અને ડેરી ઉદ્યોગ સાહસિકોની જરૂરિયાતો પૂરી કરે છે. જેથી વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ વ્યાવસાયિક શિક્ષણ મળે અને પશુ માલિકોને તેમના પ્રાણીઓ માટે યોગ્ય આરોગ્ય સંભાળ કાર્યક્રમ મળે. શૈક્ષણિક પ્રવૃતિઓ ઉપરાંત, યુનિવર્સિટીમાં કેટલાક વિશેષ સંશોધન પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી રહ્યા છે. લોકેશન સ્પેસિફિક ટેક્નોલોજી અને સમસ્યા-નિવારણ વ્યૂહરચનાથી ખેડૂતો સુધી યુનિવર્સિટીની પહોંચ વધારી રહ્યા છીએ. તદુપરાંત ડૉ. કેલાવાલાએ યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો અને સિદ્ધિઓ અંગે માહિતી આપી હતી. આ પદવીદાન સમારોહમાં સ્નાતક કક્ષાના ૫૧૪ વિદ્યાર્થીઓ, અનુસ્નાતક કક્ષાના ૧૪૫ વિદ્યાર્થીઓ અને પીએચડીના ૧૪ વિદ્યાર્થીઓ મળી કુલ ૬૭૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી છે. તે પૈકી અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે ૩ વિદ્યાર્થીનીઓને કુલાધિપતિ ગોલ્ડ મેડલ, સ્નાતક કક્ષાના અભ્યાસ માટે ૯ વિદ્યાર્થીઓને કુલપતિ ગોલ્ડ મેડલ તથા સ્નાતકના ૬ વિદ્યાર્થીઓને દાતાશ્રીઓ તરફથી ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા છે.



વરસાદની સીઝન શરૂ થઈ હોવા છતાં શહેરમાં ચાલતા વિકાસ કાર્યો પૂર્ણ થયા નથી. જ્યાં ત્યાં ખાડા ખોદીને મૂકી રાખવામાં આવતા ચોમાસામાં ખૂબ જ તકલીફ પડવાની શક્યતાઓ છે. 'ગ' રોડ પર વરસાદી પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરી છેલ્લા ઘણા સમયથી બંધ છે. અહીં જ્યાં ત્યાં ખાડા ખોદીને અને પાઈપલાઈન મુકી રાખીને કામ અધુરૂ મૂકી દેવાયુ છે. વરસાદમાં વસાહતીઓની શુ હાલત થશે તેવો કોઈ વિચાર તંત્રએ કર્યો નથી.

# શહેરમાં બફારો વધતાં બરફની માંગમાં વધારો

## વરસાદી માહોલમાં પણ ગરમી અને બફારો અનુભવતા શહેરીજનોએ ઠંડા પીણા અને આઈસક્રીમનું સેવન વધાર્યું

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે ગરમી અને ઉકળાટનો અનુભવ થતા શહેરીજનોએ ઠંડા પીણાનું સેવન વધાર્યું છે. જેમાં બજારમાં બરફની ડિમાન્ડ વધી જવા પામી છે. શહેરીજનોનો બરફગોળોની લારીઓ, શેરડીના કોલા, આઈસક્રીમની શોપ, જ્યુસની શોપ તથા કેરીનો રસ પીવા માટે ધસારો વધ્યો છે. જેની સામે બરફની માંગ વધી ગઈ છે. ગરમીથી રાહત મેળવવા માટે ગરીબ અને મધ્યમ વર્ગના માણસો દ્વારા બરફનો ઉપયોગ વધારે કરવામાં આવી રહ્યો છે. દરેકના ઘરમાં ફ્રીજ અને એસીની સુવિધાઓ ઉપલબ્ધ ન રહેતા પાણી હોય કે અન્ય ખાવાની વસ્તુ હોય તેને ઠંડી રાખવા માટે બજારમાં મળતા બરફનો ઉપયોગ કરવામાં આવે છે. હવે તો કેરીઓ પણ ઢગલાબંધ આવી ગઈ છે ત્યારે શહેરીજનો ભોજનમાં કેરીનો રસ અને રોટલી અવશ્ય આરોગે છે જેમાં બરફનો ઉપયોગ કરવામાં આવે છે. કોલ્ડ સ્ટોરેજ માટે પણ બરફની ખરીદી કરવામાં આવી રહી છે. સિઝનલ ફળોના જ્યુસ તથા અન્ય વેરાયટીઓ બનાવીને તેનો વર્ષભર સંગ્રહ કરવા માટે કોલ્ડસ્ટોરેજમાં તેનો સંગ્રહ કરવામાં આવે છે. તેની સામે બરફની માંગ વધી રહી છે. ઉપરાંત કેળા, કેરી જેવા ફળ પકવવા માટે પણ બરફનો ઉપયોગ થાય છે. શહેરીજનો પાણી ઠંડુ કરવા માટે બરફનો ઉપયોગ કરે છે.



જો કે શહેરમાં ઘરે ઘરે ફ્રિઝ હોવા છતાં બરફનો વપરાશ વધ્યો છે. આઈસક્રીમ પાર્લરો, હોટલ, રેસ્ટોરન્ટમાં પણ ફ્રિઝ હોવા છતાં છૂટક બરફનો વપરાશ વધી રહ્યો છે. આ વર્ષે ગરમીનું જોર પણ વધારે રહ્યું હોવાથી બરફનું વેચાણ વધારે થયું છે. શહેરીજનોએ ધોમધખતા તાપમાં ગરમીથી રાહત મેળવવા માટે બરફના ગોળાની લારીઓ, શેરડીના કોલા, આઈસક્રીમની દુકાનો, જ્યુસની લારીઓપર ધસારો કરતા આ વર્ષેબરફની ખૂબ ડિમાન્ડ રહી છે. મોંઘવારીના કારણે છૂટક બરફની કિંમતમાં પણ વધારો થયો છે. સામે તેની ડિમાન્ડ વધી રહી છે. ઉનાળાના છેલ્લા દિવસોમાં શહેરીજનો આ બફારામાંથી રાહત મેળવવા માટે મન મુકીને ઠંડા ઠંડા પીણા અને ઠંડા જ્યુસ, આઈસક્રીમની મોજ માણવાના મૂડમાં જોવા મળી રહ્યા છે.

# શહેરની દિકરી કિંજલ સાગરે મીસ ટીન આઈકોનિક ટાયટલ જીતી



ગાંધીનગર, તા. ૨૪

સ્ટારલાઈફ પ્રોડક્શન ઈન્ડિયા, મુંબઈ દ્વારા મિસ ટીન ઈન્ડિયા (૧૩ વર્ષથી ૧૭ વર્ષ)ની સ્પર્ધા તા. ૧૧-૬-૨૨ થી તા. ૧૫-૬-૨૨ દરમ્યાન હોટલ રિટ્રીટ, આગ્રા ખાતે યોજાઈ હતી. જેમાં આખા ભારતના વિવિધ રાજ્યોમાંથી આશરે ૨૦૦ જેટલા ઓડિશન લેવાયા હતા અને ફાઈનલમાં કુલ ૪૪ ટીનેજર ગર્લ્સ સિલેક્ટ થઈ હતી. જેમાંથી ગુજરાતની ૪ ગર્લ્સ પણ ફાઈનલ રાઉન્ડમાં આવી હતી. આ ઈવેન્ટમાં ગાંધીનગરની રહેવાસી કિંજલ વિજયકુમાર સાગરે ફાઈનલ રાઉન્ડમાં પોતાનું ઉત્કૃષ્ટ પર્ફોમન્સ આપી મિસ ટીન આઈકોનિક આઈસ ઈન્ડિયા ૨૦૨૨નું ટાઈટલ જીતીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત આર.એસ. મોડેલિંગ એજન્સિ દ્વારા તા. ૧૯-૬-૨૨ના રોજ નોઈડા (ફિલ્મસિટી GKFTII ખાતે આયોજિત દિલ્હી રનવે વીક સીઝન-૫ માં ભાગ લઈને મોડેલિંગ ક્ષેત્રે પોતાની કેરિયરની શરૂઆત કરી છે.

આ ઈવેન્ટના શો ડાયરેક્ટર ખિઝર હુસેન, ફેશન ડિઝાઈનર સંજના સીંગ, સૌમ્યા સિકરવર, અમિત ચૌહાણ, ગૂમર શ્વેતાસીંગ ચૌધરી, ખુશ્બુ જોશી, મેકઅપ માનવી મહેતા, ફોટોગ્રાફી નિસાંત જૈન, અર્જુન હતા.